**જાહેરનામું**

**પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૯/૨૦૨૫,**

**તા.૨૪/૫/૨૦૨૫**

હું, જી.એસ.મલિક,IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ની સત્તા અન્વયે આગામી તા.૨૬/૫/૨૦૨૫ ના રોજ ભારત દેશના માનનીય વડાપ્રધાનશ્રી નાઓનો ‘રોડ શૉ’ નો કાર્યક્રમ અમદાવાદ એરપોર્ટથી ઇન્દીરાબ્રિજ સર્કલ સુધી યોજાનાર છે. જે રોડ શૉ દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ અભિવાદન કાર્યક્રમ વિશાળ જનસંખ્યા દ્વારા કરવામાં આવનાર હોય જેમાં VIPs/VVIPs ઉપરાંત મોટા પ્રમાણમાં અને મર્યાદીત સમયમાં વાહનો સાથે આવતી જનમેદની વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તેમજ માર્ગ અકસ્માતો બનતા નિવારવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં આગામી તા.૨૬/૫/૨૦૨૫ ના રોજ ભારત દેશના માનનીય વડાપ્રધાનશ્રી નાઓનો ‘રોડ શૉ’ નો કાર્યક્રમ અમદાવાદ એરપોર્ટથી ઇન્દીરાબ્રિજ સર્કલ સુધી યોજાનાર હોય જે કાર્યક્રમ દરમિયાન નીચે જણાવેલ માર્ગ પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | અમદાવાદ એરપોર્ટ થી એરપોર્ટ સર્કલ થઇ ઇન્દીરાબ્રિજ સર્કલ થઇ મધર ડેરી થઇ એપોલો સર્કલ સુધીનો રોડ/માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે. | **૧.** ઇન્દીરાબ્રીજ થી ગાંધીનગર તરફ જતો ટ્રાફિક નોબલનગર ટી થી રૂબી ટી થઇ નાના ચિલોડા ચાર રસ્તા થઇ કરાઇ ચાર રસ્તા થી એપોલો સર્કલ સુધીના માર્ગનો વાહનોની અવર જવર માટે ઉપયોગ કરી શકાશે.<br>**૨.** ઇન્દીરાબ્રીજ થી ડફનાળા તરફ આવતો ટ્રાફિક નોબલનગર ટી થી રાજાવિર સર્કલ થઇ નરોડા પાટીયા થઇ મેમ્કો ચાર રસ્તા થી રામેશ્વર ચાર રસ્તા થઇ એફ.એસ.એલ. ચાર રસ્તા થઇ ડફનાળા ચાર રસ્તા સુધીના માર્ગનો વાહનોની અવર જવર માટે ઉપયોગ કરી શકાશે.<br>**૩.** એપોલો સર્કલ થી ઇન્દીરાબ્રીજ થઇ નરોડા તરફ આવતો ટ્રાફિક એપોલો સર્કલ થી કરાઇ ચાર રસ્તા થી નાના ચિલોડા રીંગ રોડ સર્કલ થી નરોડા સુધીના માર્ગનો વાહનોની અવર જવર માટે ઉપયોગ કરી શકાશે.<br>**૪.** એપોલો સર્કલ થી શાહીબાગ તરફ આવતો ટ્રાફિક એપોલો સર્કલ થી તપોવન સર્કલ થઇ વિસત સર્કલ થઇ પ્રબોધરાવળ સર્કલ થઇ સુભાષબ્રિજ સર્કલ થઇ શાહીબાગ સુધીના માર્ગનો વાહનોની અવર જવર માટે ઉપયોગ કરી શકાશે. |
| ૨. | ડફનાળા ચાર રસ્તા થી એરપોર્ટ સર્કલ થઇ ઇન્દીરાબ્રિજ સર્કલ થઇ ભદ્રેશ્વર વાય | **૧.** ડફનાળા ચાર રસ્તા થી ઇન્દીરાબ્રિજ સર્કલ થઇ ગાંધીનગર તરફ જતો ટ્રાફિક ડફનાળા ચાર રસ્તા થઇ સુભાષબ્રિજ થઇ સુભાષબ્રીજ સર્કલ થઇ |

| | | |
|---|---|---|
| | જંકશન સુધીનો રોડ/માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે. | પ્રબોધરાવલ સર્કલ થઇ ચિમનભાઇ પટેલ બ્રિજ થઇ વિસત સર્કલ થઇ તપોવન સર્કલ થઇ ગાંધીનગર સુધીના માર્ગનો વાહનોની અવર જવર માટે ઉપયોગ કરી શકાશે.<br>**૨.** ડફનાળા ચાર રસ્તા થી ઇન્દીરાબ્રિજ સર્કલ થઇ ગાંધીનગર તરફ જતો ટ્રાફિક ડફનાળા ચાર રસ્તા થઇ ઘેવર સર્કલ થઇ એફ.એસ.એલ. ચાર રસ્તા થઇ રામેશ્વર ચાર રસ્તા થઇ મેમ્કો ચાર રસ્તા થઇ નરોડા પાટીયા થઇ ગેલેક્ષી ચાર રસ્તા સુતરના કારખાના ચાર રસ્તાથી સીધા નાના ચિલોડા સર્કલ તરફના માર્ગનો વાહનોની અવર જવર માટે ઉપયોગ કરી શકાશે. |

**અપવાદ:**

**૧.** સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો,ફરજમા રોકાયેલ સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમા વાહન સાથે અવર–જવર કરનારને આ જાહેરનામુ લાગુ પડશે નહી.

**૨.** અમદાવાદ એરપોર્ટ તરફ જતા મુસાફરો ફરજ પર હાજર પોલીસને પ્લેનની ટીકીટ તથા મુસાફરીની જરૂરી વિગતો બતાવી અમદાવાદ એરપોર્ટ તરફ પોલીસની સુચના મુજબ જઇ શકશે.

**–: જાહેરનામાની અમલવારીની વિગત :–**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૨૬/૫/૨૦૨૫ ના સાંજ કલાક ૧૬.૦૦ થી ૨૧.૦૦ સુધી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ–૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુકત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ–૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ–૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૪/૫/૨૦૨૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

તા.૨૪/૫/૨૦૨૫
અમદાવાદ શહેર

**( જી.એસ.મલિક )**
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટિન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં. ( E-mail : gogpress-vad@gujarat.gov.in )
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.